GCERT દ્વારા પ્રેરિત - જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- ગુજરાત રાજ્ય(તમામ) ના સહયોગથી - આયોજિત –
Research paper presentation conference-(2026-27)



મુખ્ય કોન્ફરન્સ વિષય (Main Conference Theme):

બાળ મનનું જતન: ધોરણ 3 થી 12 ના વિદ્યાર્થીઓ માટે વય-આધારિત માનસિક સ્વાસ્થ્ય સહાય અને કાઉન્સેલિંગ વ્યૂહરચનાઓ

(Nurturing the Child's Mind: Age-Appropriate Mental Health Support and Counselling Strategies for Grade 3 to 12)



--- સંશોધન કોન્ફરન્સ માટેની રૂપરેખા (Research Conference Framework) ---

Sub-theme 1:
Stage-A (Preparatory) - Early Intervention & Play-Based Strategies

સબથીમ-1 : પ્રારંભિક તબક્કો (ધોરણ 3 થી 5) – સમયસર પ્રારંભિક સહાય અને રમત-આધારિત કાઉન્સેલિંગ વ્યૂહરચનાઓ

Micro-subtheme

1. બાળકોમાં છુપાયેલી ચિંતા જાણવા માટે કલા, વાર્તા અને પ્લેથેરાપીનો પ્રાયોગિક ઉપયોગ. (Practical application of Art, Storytelling, and Play Therapy to identify hidden anxiety in children.)
2. વર્ગખંડમાં વર્તન અને ધ્યાનની સમસ્યાઓ (જેમ કે ADHD/LD-Attention-Deficit / Hyperactivity Disorder/ Learning Disability) ના સંચાલન માટે શિક્ષકો માટેની વ્યવહારુ પદ્ધતિઓ. (Practical techniques for teachers to manage classroom behaviour and attention span issues like ADHD/LD.)
3. સ્વસ્થ પેરેન્ટિંગ શૈલીઓ અને બાળપણથી જ શૈક્ષણિક દબાણ ઘટાડવા અંગે વાલીઓનું કાઉન્સેલિંગ. (Counselling parents on healthy parenting styles and reducing academic pressure early on.)
4. ભાવનાત્મક શબ્દભંડોળનું નિર્માણ: 8 થી 11 વર્ષના બાળકોને તેમની લાગણીઓ હકારાત્મક રીતે વ્યક્ત કરતા શીખવવું. (Building emotional vocabulary: Teaching 8-11 year olds how to express feelings constructively.)

Sub-theme 2:
Stage-B (Middle) - Emotional Regulation & management of Social Dynamics

સબથીમ-2 : મીડલ તબક્કો (ધોરણ 6 થી 8) - ભાવનાત્મક નિયંત્રણ અને સામાજિક ગતિશીલતાનું સંચાલન

Micro-subtheme

1. બાળકોમાં થતી પજવણી, સાથીદારોનું દબાણ અને સામાજિક અસ્વીકાર જેવી સમસ્યાઓના નિવારણ માટે વ્યવહારુ પરામર્શ પદ્ધતિઓ. (Practical counselling interventions for handling bullying, peer pressure, and social rejection.)
2. શારીરિક દેખાવ (Body Image) સંબંધિત સમસ્યાઓ અને તરુણાવસ્થાના પ્રારંભિક ભાવનાત્મક બદલાવો (Mood swings) માટે કાઉન્સેલિંગ. (Counselling strategies for body image issues and early puberty-related emotional mood swings.)
3. ડિજિટલ ડિટોક્સિફિકેશન: મોબાઈલ/ગેમિંગના વ્યસન અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ માટે વ્યવહારુ પગલાં. (Digital detoxification: Practical steps to address mobile/gaming addiction and cyber safety.)
4. કિશોરોમાં મુશ્કેલીઓનો સામનો કરવાની ક્ષમતા અને સંઘર્ષ નિવારણ કૌશલ્યોનો વિકાસ (Developing resilience and practical conflict resolution skills among young adolescents.)

Sub-theme 3:
Stage-C (Secondary) - Stress Management, Identity & Advanced Counselling

સબથીમ-3 : માધ્યમિક તબક્કો (ધોરણ 9 થી 12) - તણાવ વ્યવસ્થાપન, ઓળખ અને એડવાન્સ કાઉન્સેલિંગ

Micro-subtheme

1. બોર્ડની પરીક્ષાના તણાવ અને પરીક્ષાના ભયને ઘટાડવા માટે જ્ઞાનાત્મક વર્તન સંબંધિત ઉપચાર (CBT) પદ્ધતિઓ. (Cognitive Behavioural Therapy (CBT) techniques for reducing board exam stress and performance anxiety.)
2. કારકિર્દીની પસંદગી અંગેની મૂંઝવણ અને નિષ્ફળતાના ભયના નિવારણ માટેની અભિરુચિ કસોટી તથા મનોવૈજ્ઞાનિક પરામર્શન (Aptitude testing and psychological counselling for career choice confusion and the fear of failure.)
3. ગંભીર માનસિક સમસ્યાઓનું નિવારણ: કિશોરોમાં ડિપ્રેશન, પોતાની જાતને નુકસાન (Self-harm) અને વ્યસન મુક્તિ કાઉન્સેલિંગ. (Addressing severe mental health issues: Practical counselling for depression, self-harm, and substance abuse prevention in teens.)
4. સ્વસ્થ સંબંધોનું કાઉન્સેલિંગ: વિજાતીય આકર્ષણ, બ્રેકઅપ અને ભાવનાત્મક મર્યાદાઓ (Emotional Boundaries) નું સંચાલન. (Healthy relationship counselling: Navigating Personal affections, breakups, and setting emotional boundaries.)

Sub-theme 4:
Holistic & Systemic Approaches in School Ecosystem

સબથીમ-4 : શાળાકીય વાતાવરણમાં સર્વાંગી અને સમગ્ર વ્યવસ્થાને આવરી લેતો દ્રષ્ટિકોણ

Micro-subtheme

1. વિદ્યાર્થીઓની માનસિક સમસ્યાઓની ઓળખ અને પ્રાથમિક સહાય માટે શિક્ષકોનું સશક્તિકરણ (First Responder)" તરીકે. (Capacity building for educators: Empowering teachers as "First Responders" in identifying student psychological distress.)
2. શાળાના નિયમિત અભ્યાસક્રમમાં માનસિક સ્વાસ્થ્યની નિયમિત તપાસનો સમાવેશ કરવો: વ્યવહારુ નમૂનાઓ અને તેનો અમલ. (Integrating routine mental health check-ups into the regular school curriculum: Practical models and implementation.)
3. વિદ્યાર્થીઓની સતત દેખરેખ અને મનોવૈજ્ઞાનિક સહાય માટે વાલીઓ, શાળા અને કાઉન્સેલર વચ્ચે અસરકારક સહયોગની વ્યવસ્થા. (Effective Parent-School-Counsellor collaboration mechanisms for continuous student monitoring and psychological support.)
4. શાળાના કાઉન્સેલિંગ કાર્યક્રમોમાં નૈતિકતા, ગોપનીયતા (Privacy) અને વિદ્યાર્થીઓની સુરક્ષા માટેના પ્રોટોકોલનું પાલન. (Ethics, privacy, and student safety protocols in school counselling programs.)

કોન્ફરન્સ માર્ગદર્શિકા
GCERT અને DIET દ્વારા આયોજિત રીસર્ચ પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સ વર્ષ 2026-27
મુખ્ય થીમ
‘બાળ મનનું જતન: ધોરણ 3 થી 12 નાં વિધાર્થીઓ માટે વય-આધારિત માનસિક સ્વાસ્થ્ય સહાય અને કાઉન્સેલિંગ વ્યૂહરચનાઓ’

1. રીસર્ચ પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સ અંગેની સામાન્ય સૂચનાઓ

- રીસર્ચ પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સ જિલ્લા કક્ષાએથી શરૂ થશે.
- જિલ્લા, ઝોન તથા રાજ્ય કક્ષા અને માટે નીચે મુજબ આયોજન કરવામાં આવશે.
- આયોજનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

2. જિલ્લા કક્ષાની સૂચનાઓ

- જિલ્લાકક્ષાએથી આપવામાં આવેલ તારીખ અને આયોજનને ધ્યાને લેવુ.
- સૌ પ્રથમ સોફ્ટકોપીમાં આપનું પેપર નિયત સમય મર્યાદામાં રજૂ કરવુ. મહત્તમ **35 પેપર** સિલેક્ટ કરવામાં આવશે. ત્યારબાદ જેમનું પેપર પસંદ થાય તેઓને જિલ્લા કક્ષાની કોન્ફરન્સમાં ઉપસ્થિત થવાનું રહેશે અને **પેપરની 4 Hard Copy DIETમાં જમા કરાવવાની રહશે.**
- કુલ 35 પેપરમાં:
    - **25 પેપર** પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના રહેશે.
    - **10 પેપર** પ્રશિક્ષણ કોલેજના વ્યાખ્યાતાઓના રહેશે, જેમાં GCERT ફેકલ્ટીઝ (ડાયટ ગાંધીનગર માટે), ડાયટ વ્યાખ્યાતાઓ તેમજ સંશોધન અને તાલીમ સહાયકનો સમાવેશ કરવામાં આવશે.
- જિલ્લા કક્ષાની કોન્ફરન્સ માટે પસંદ થયેલા 35 પેપરનાં રજૂકર્તાઓને રૂબરૂ આમંત્રિત કરવામાં આવશે.
- તેમાંથી ઝોન કક્ષાએ રજૂઆત માટે દરેક જિલ્લા દીઠ વધુમાં વધુ **7 રીસર્ચ પેપર** પસંદ કરવાના રહેશે:
    - **5 શિક્ષકોના પેપર** — જેમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોનો સમાવેશ થાય છે.
    - **2 પેપર** — જેમાં પ્રશિક્ષણ કોલેજના વ્યાખ્યાતા, GCERT ફેકલ્ટીઝ (ડાયટ ગાંધીનગર માટે), ડાયટ વ્યાખ્યાતા તેમજ સંશોધન અને તાલીમ સહાયકનો સમાવેશ થાય છે.
- રીસર્ચ પેપર રજૂ કરવા ઈચ્છતા GCERT વ્યાખ્યાતાઓએ ડાયટ ગાંધીનગરનો સંપર્ક કરી, તેઓ દ્વારા આયોજિત થનાર તારીખ અને સ્થળે રીસર્ચ પેપર કોન્ફરન્સ યોજાય ત્યારે પેપર રજૂ કરવાનું રહેશે.
- GCERT ફેકલ્ટીઝ દ્વારા રજૂ થતા પેપરની મૂલ્યાંકનની પ્રક્રિયા ડાયટ ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

3. ઝોન કક્ષાની સૂચનાઓ

- ઝોન દીઠ કુલ **7 રીસર્ચ પેપર** પસંદ કરવામાં આવશે.
    - **5 શિક્ષકોના પેપર**, જેમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોનો સમાવેશ થાય છે.
    - **2 રીસર્ચ પેપર**, જેમાં પ્રશિક્ષ કોલેજના વ્યાખ્યાતા, GCERT ફેકલ્ટીઝ (ડાયટ ગાંધીનગર માટે), ડાયટ વ્યાખ્યાતા તેમજ સંશોધન અને તાલીમ સહાયકનો સમાવેશ થાય છે.
- ઝોન અને રાજ્ય કક્ષાએ આયોજન માટે નીચે આપેલ કોષ્ટક મુજબ સંબંધિત જિલ્લામાં આયોજન કરવામાં આવશે.

ઝોનવાર વિગતો

ઝોન	સમાવિષ્ટ જિલ્લાઓ	યજમાન ડાયટ	સંભવિત પેપર
ઉત્તર	અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા	સાબરકાંઠા	56
દક્ષિણ	ડાંગ, વલસાડ, નવસારી, સુરત, તાપી, ભરૂચ, નર્મદા	સુરત	49
મધ્ય	વડોદરા, છોટાઉદેપુર, આણંદ, સંતરામપુર, પંચમહાલ, દાહોદ, ખેડા	ખેડા	49
સૌરાષ્ટ્ર-1	સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ, બોટાદ, મોરબી, કચ્છ	સુરેન્દ્રનગર	42
સૌરાષ્ટ્ર-2	જામનગર, દેવભૂમિ દ્વારકા, અમરેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ	જૂનાગઢ	42
રાજય કક્ષાએ આયોજન	પસંદ થયેલ પેપર સબંધિત જિલ્લાના Participants	આણંદ	35

5. આયોજનની તારીખો

ક્રમ	વિગત	સંભવિત તારીખ
1	District Level Research Paper Presentation Conference	**10 ડીસેમ્બર, 2026 સુધીમાં – ડાયટ દ્વારા નક્કી કરવામાં આવે તે દિવસે.**
2	Zone Level Research Paper Presentation Conference — તમામ Zone માં એક જ દિવસે આયોજિત કરવી	**22 ડિસેમ્બર, 2026**ના રોજ એક દિવસ માટે આયોજન કરવું
3	State Level Paper Presentation Conference	**5 January, 2026**ના રોજ એક દિવસ માટે આયોજન કરવું

6. રીસર્ચ પેપર રજૂ કરવા માટેની સામાન્ય સૂચનાઓ

- રીસર્ચ પેપર ગુજરાતી, **Times New Roman-12** કે હિન્દી ભાષામાં તૈયાર કરવાનું રહેશે.
- ગુજરાતીમાં **Shruti / Hind Vadodara** ફોન્ટ સાઇઝ 12માં પેપર તૈયાર કરવાનું રહેશે.
- પેપર **Word તથા PDF ફોર્મેટમાં** મોકલવાનું રહેશે.
- Abstract ની રજૂઆત **150–200 શબ્દોમાં** કરવાની રહેશે.
- Research / Theme Paper ની રજૂઆત **2500–3500 શબ્દોમાં** કરવાની રહેશે. *(Abstract & References સિવાય)*
- પેપરમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવો:

    - ટાઇટલ પેજ
    - સારાંશ
    - પરિચય
    - પદ્ધતિ
    - પરિણામો
    - ચર્ચા
    - નિષ્કર્ષ અને અન્ય
- રજૂકર્તાને **PowerPoint Presentation સાથે રજૂઆત** કરવા જણાવવાનું રહેશે.

7. રીસર્ચ પેપરનું માળખું

7.1 Title, Author Details & Designation

તમારું નામ, હોદ્દો, સંસ્થાનું નામ, ઇ-મેઇલ અને ફોન નંબર.

7.2 Abstract & Keywords

સંશોધનનો ટૂંકો સાર અને મુખ્ય શબ્દો.

7.3 Introduction (પ્રસ્તાવના)

વિષય પરિચય અને સંશોધનની જરૂરિયાત.

7.4 Review of Related Literature (સંબંધિત સાહિત્યની સમીક્ષા)

અગાઉ થયેલા સંશોધનોનો ટૂંકમાં ઉલ્લેખ.

7.5 Objectives & Hypotheses (ઉદ્દેશ્યો અને ઉત્કલ્પનાઓ)

સંશોધનના મુખ્ય હેતુઓ.

7.6 Methodology (સંશોધન પદ્ધતિ)

- સંશોધનનો પ્રકાર (Descriptive, Experimental, etc.)
- સેમ્પલ અને પોપ્યુલેશન (Sample & Population)
- ડેટા એકત્રીકરણના સાધનો (Tools used - Questionnaire, Interview, etc.)
- Data Analysis & Interpretation (માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન)

7.7 Findings & Educational Implications (તારણો અને શૈક્ષણિક ફલિતાર્થો)

શિક્ષણ ક્ષેત્રે આ સંશોધન કેવી રીતે ઉપયોગી થશે.

7.8 Conclusion (નિષ્કર્ષ)

એકંદર સારાંશ.

7.9 References / Bibliography (સંદર્ભ સૂચિ)

APA Style (7th Edition) નો જ ઉપયોગ કરવો.

8. થીમ આધારિત (Theme-based) પેપર માટેના નિયમો

- પેપર કોન્ફરન્સની મુખ્ય થીમ (Main Theme) અથવા તેની આપેલ Sub-themes / Sub-tracksમાંથી કોઈ એક સાથે **સીધું જોડાયેલું** હોવું જોઈએ.
- પેપરના **Title અને Abstractમાં થીમ સાથેનો સંબંધ સ્પષ્ટપણે દેખાવો જોઈએ**.

- થીમ આધારિત પેપરમાં સામાન્ય પેપર કરતાં **“શૈક્ષણિક પ્રાસંગિકતા” (Educational Relevance)** પર વધુ ભાર મૂકવો.

8.1 થીમ આધારિત પેપરનું માળખું

1. Title & Sub-theme Alignment
પેપરનું શીર્ષક અને તે કોન્ફરન્સની કઈ Sub-theme હેઠળ આવે છે તેનો ઉલ્લેખ.

2. Author Details
તમારું નામ, હોદ્દો, કોલેજ/સંસ્થાનું નામ, ઇ-મેઇલ આઇડી અને સંપર્ક નંબર.

3. Abstract & Keywords
સંશોધનનો ટૂંકો સાર અને મુખ્ય શબ્દો.

4. Introduction & Relation to Theme
વિષયનો પરિચય અને આ પેપર કોન્ફરન્સની મુખ્ય થીમ સાથે કેવી રીતે સુસંગત છે તેની સ્પષ્ટતા.

5. Review of Literature
થીમ સંબંધિત અગાઉ થયેલા સંશોધનો.

6. Objectives
સંશોધનના હેતુઓ.

7. Research Methodology
સંશોધન પદ્ધતિ.

8. Educational Implications / Practical Applications
વર્તમાન શિક્ષણ વ્યવસ્થા અથવા કોન્ફરન્સની થીમ સંદર્ભે આ સંશોધન વ્યવહારમાં કેવી રીતે ઉપયોગી થશે તેની વિગત.

9. Conclusion & Recommendations
નિષ્કર્ષ અને ભાવિ સુધારા માટેના સૂચનો.

10. References
APA Style (7th Edition) મુજબ.

9. થીમ આધારિત પેપર પ્રેઝન્ટેશન માટેની સૂચનાઓ

- થીમ આધારિત પેપર રજૂ કરતી વખતે પેપરની મુખ્ય થીમ તથા સંબંધિત Sub-theme / Sub-track સાથેનું જોડાણ સ્પષ્ટ રીતે રજૂ કરવું.
- પેપરના **Title અને Abstractમાં દર્શાવેલ થીમ સાથેનો સંબંધ** પ્રેઝન્ટેશન દરમિયાન પણ સ્પષ્ટ રહે તે રીતે રજૂઆત કરવી.
- પેપરની **શૈક્ષણિક પ્રાસંગિકતા (Educational Relevance)** અને વ્યવહારુ ઉપયોગિતા પર ભાર મૂકવો.
- Introduction દરમિયાન પેપરની મુખ્ય થીમ સાથેની સુસંગતતા સ્પષ્ટ કરવી.
- Educational Implications / Practical Applications વિભાગમાં સંશોધન વર્તમાન શિક્ષણ વ્યવસ્થા અથવા કોન્ફરન્સની થીમ સંદર્ભે કેવી રીતે ઉપયોગી થશે તે રજૂ કરવું.
- રજૂઆત દરમિયાન સંબંધિત તારણો, નિષ્કર્ષ તથા ભાવિ સુધારા માટેના સૂચનો સ્પષ્ટ રીતે રજૂ કરવા.
- થીમ આધારિત પેપરનું પ્રેઝન્ટેશન પણ PowerPoint Presentation સાથે કરવાનું રહેશે.

10. PPT પ્રેઝન્ટેશન માટેના મહત્વના નિયમો

- **પ્રેઝન્ટેશન** માટે **7 થી 10 મિનિટ** અને **પ્રશ્નોત્તરી (Q&A)** માટે **2 થી 3 મિનિટ** આપવામાં આવશે. **PPT Slide Limit:** 10 થી 15 સ્લાઇડ્સ (7 થી 10 મિનિટ).
- સ્લાઇડમાં આખા ફકરા લખવાને બદલે માત્ર મુખ્ય મુદ્દા (Bullet Points) જ લખવા.
- PPT માટે:
    - **Heading:** 28–32 pt
    - **Body:** 20–24 pt
- દૂરથી સુવાચ્ય રહે તે માટે યોગ્ય ફોન્ટ સાઇઝ રાખવી.
- Background **લાઇટ (સફેદ/આછું)** અને Font **ડાર્ક (Black/Navy Blue)** રાખવો.
- પેપરના પરિણામો દર્શાવવા માટે માત્ર ફકરાઓ લખવાને બદલે **ચાર્ટ, ટેબલ કે ઇન્ફોગ્રાફિક્સ**નો ઉપયોગ કરવો.
- **સ્લાઇડ 1 અને 2માં તમારી થીમ અને સમસ્યાનું વિધાન (Statement of the Problem)** સ્પષ્ટ રીતે રજૂ કરવું.
- પેપરની મૌખિક રજૂઆત દરમિયાન આત્મવિશ્વાસ અને યોગ્ય ઉદાહરણો સાથે રજૂઆત કરવી.

11. રીસર્ચ પેપરના મૂલ્યાંકન માટેના માપદંડ

ક્રમ	પસંદગીના માપદંડ	ગુણ
1	પેપર માળખું/ફોર્મેટ: પેપર લેઆઉટ, માર્જિન, ટાઇપોગ્રાફિકલ ચોકસાઈ, સુસંગત અને યોગ્ય અવતરણ શૈલી, હેડિંગનો ઉપયોગ વગેરે	10
2	Plagiarism check / no use of copyright content more than 20 percent	10
3	લેખન રજૂઆત/શૈલી: સ્પષ્ટતા, મૌલિકતા, ક્રમિકતા, તાર્કિકતા, પેટા મુદ્દા / Proper Sections	10
4	સંદર્ભોની રજૂઆત શૈલી & સંદર્ભો સાથે યોગ્ય જોડાણ	10
5	Presentation, પેપરની મૌખિક રજૂઆત: PPT સાથે રજૂઆત, આત્મવિશ્વાસ, ઉદાહરણો	10
	કુલ ગુણ	**50**

12. ફોન્ટ અને ટાઇપિંગ સ્ટાઇલ (Font & Formatting)

વિગત	ગુજરાતી (Unicode)	હિન્દી (Devanagari)
ફોન્ટનું નામ (Font Name)	Hind Vadodara / Shruti	Hind Vadodara / Mangal
મુખ્ય શીર્ષક (Title)	14 pt (Bold and centre)	16 pt (Bold)
મુખ્ય હેડિંગ (Headings)	12 pt (Bold and left)	14 pt (Bold)
પેપરની વિગત (Main Body)	12 pt (Regular)	12 pt (Regular)
લાઇન સ્પેસિંગ (Line Spacing)	1.5 Line Spacing	1.5 Line Spacing
પેજ માર્જિન (Page Margin)	1 ઇંચ (Normal)	1 ઇંચ (Normal)

એલાઇનમેન્ટ (Alignment)	Justified	Justified
અંકો (Numbers)	Times New Roman (English)	Times New Roman (English)

13. Plagiarism અને Ethics

- તમારું પેપર **10%થી ઓછું Plagiarism** ધરાવતું હોવું જોઈએ.
- સાહિત્યિક ચોરી (Plagiarism) ટાળવી.
- સંદર્ભ ફોર્મેટ માટે **APA 7th Edition** નો જ ઉપયોગ કરવો.
- શિક્ષણ ક્ષેત્રે Citation અને Reference માટે માત્ર APA ફોર્મેટ જ સ્વીકાર્ય છે.
- મૂલ્યાંકન માપદંડ મુજબ Copyright Contentનો ઉપયોગ **20% કરતાં વધુ ન હોવો જોઈએ**.

14. શબ્દ મર્યાદા અને પેજ મર્યાદા

મૂળ સામગ્રીમાં નીચે મુજબની મર્યાદાઓ આપવામાં આવી છે:

- **Abstract:** 150 થી 250 શબ્દો, સાથે 3 થી 5 થીમ-સંબંધિત Keywords.
- **Full Research Paper:** 2500 થી 3500 શબ્દો, સામાન્ય રીતે 4 થી 6 પેજ.